# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા રાગી અને મીઠી મકાઈનું મૂલ્યવર્ધન વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગ યોજાયો

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત તારીખ ૨૩/૦૮/૨૦૨૩ ના રોજ ગામ દુધિયા તા-દેવગઢ બારીયા ખાતે **રાગી અને મીઠી મકાઈનું મૂલ્યવર્ધન** વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગ યોજાયો. આ ગામમાં તાલીમની શરૂઆતમાં **ડૉ. એકતા પંડ્યા** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી ખેડૂતોનું સ્વાગત કર્યું અને કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વ્યવસાયલક્ષી તાલીમો વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા તેમજ રાગી અને મકાઈના મૂલ્યવર્ધન વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. કાર્યક્રમની રૂપરેખા મુજબ **ડૉ. એકતા પંડ્યા** દ્વારા રાગી અને મીઠી મકાઈની પોષણક્ષમ બનાવટો જેવીકે મીઠી મકાઈનો ચેવડો અને રાગીનો શીરો પ્રાયોગિક રૂપે બનાવી વિસ્તૃતમાં સમજણ આપી હતી તેમજ મિલેટ્સ વર્ષ અંતર્ગત રાગીની પાપડી અને મમરા નિદર્શનના રૂપ માં બહેનોને આપ્યા હતા. આ સમગ્ર પ્રોગ્રામનું સંકલન **ડૉ. એકતા પંડ્યા** અને **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ જે થકી કુલ ૨૫ ખેડૂતોએ ભાગ લીધેલ.




